/

૭૭

બાળ સંભાળ સંસ્થામાં રહેતા બાળકોને સ્પોન્સરશિપ (પ્રાયોજન) યોજના માટે રૂ.૧૮૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૯/૨૮૩૦૪૫/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૩/૦૯/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૦૪,૩૪૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૭/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી/૧૯-૨૦/૧૧૧૩.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૦/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃજજઅ-૧૦૨૦૧૭-૫૭૮૯૮૪-છ.

આમુખઃ-

ભારત સરકારના ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (૨૦૦૬નો ૨-જો) ની કલમ-૪૫ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ રાજ્ય સરકાર દ્વારા બાળકોના પ્રાયોજનના વિવિધ કાર્યક્રમો જેવા કે અંગતથી અંગત પ્રાયોજન, સમૂહ પ્રાયોજન અથવા જ્ઞાતિ પ્રાયોજન હાથ ધરવા નિયમો ઘડવાના રહે છે.

સ્પોન્સરશિપ(પ્રાયોજન) કાર્યક્રમો કુટુંબ, બાળગૃહો તથા ખાસ ગૃહોને સુધારવાના આશયથી, તબીબી, પોષણ વિષયક, શૈક્ષણિક તથા બાળકોની અન્ય જરૂરીયાતોને પુરી કરવા તથા સહાયક આધાર પુરો પાડવા સ્પોન્સરશિપ યોજના

શરૂ કરવા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ.૧૮૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૧) ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજ્યના જિલ્લાઓમાં આવેલ બાળ સંભાળ સંસ્થાઓમાં એક માસ કે તેથી વધુ સમયથી રહેતા બાળકોને તેના પોતાના કુટુંબમાં જ સામાજિક પુનઃસ્થાપનના હેતુસર સ્પોન્સરશિપ યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના ૫૦૦ બાળકોને માસિક રૂ.૩૦૦૦/- લેખે જિલ્લા કક્ષાની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી દ્વારા મંજૂર કર્યેથી લાભાન્વિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સ્પોન્સરશિપ યોજના હેઠળ રૂ.૧૮૦.૦૦ લાખનો ખર્ચ કરવાની આથી નીચેની યોગ્યતાઓ તથા શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

યોગ્યતાઓ:-

(૧) બાળકે ફરજિયાત શિક્ષણ મેળવવાનું રહેશે, અભ્યાસ બંધ થતા સહાય બંધ કરવામાં આવશે.

(૨) બાળકના માતા વિધવા હોય, છુટાછેડા લીધેલ હોય અથવા બાળક/માતાને કુટુંબ દ્વારા ત્યજી દેવામાં આવેલ હોય ઉપરાંત કોઇ પણ કારણોસર માતા/પિતા બાળકની સારસંભાળ લેવા સક્ષમ ન હોવાના કારણે બાળકને બાળ સંભાળ ગૃહમાં રાખેલ હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) બાળકના માતા-પિતા બંને અથવા માતા અથવા પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) જ્યાં બાળકના માતા-પિતા બંને અથવા માતા અથવા પિતા અવસાન પામેલ હોય અથવા ગંભીર અકસ્માતના કારણે અશકત બનેલ હોય અથવા ૫૦% માનસિક/૮૦% શારીરિક દિવ્યાંગતા ધરાવતા હોય તેવા અને આર્થિક ઉપાર્જન ન કરી શકવાના કારણે બાળકોની સંભાળ લેવા માટે સક્ષમ ન હોય તેઓના બાળકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) માતા-પિતા બંને જેલમાં હોય અથવા બંને માંથી કોઇ એક જેલમાં હોય અને બીજાનું અવસાન થયેલ હોય તેવા બાળકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૬) બાળ સંભાળ ગૃહમાં રહેતા હોય તેવા બાળકના માતા-પિતા બંને, માતા અથવા પિતા SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપિત, થેલેસેમિયા તેમજ અન્ય જીવલેણ બિમારીઓથી પિડાતા હોય તેવા માતા-પિતાના બાળકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) બાળક એક માસ કે તેથી વધુ સમય સુધી બાળ સંભાળ ગૃહમાં રહેલું હોય તથા તેનું પોતાના પરીવારમાં પુનઃસ્થાપન થયેલ હોય અને ઉક્ત પૈકીની યોગ્યતાઓ ધરાવતું હોય તો જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

**શરતોઃ-**

(૧) આ યોજના માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા એ Management Information System (MIS) ત્રણ માસમાં તૈયાર કરાવી લેવાનું રહેશે.

(૨) આ યોજનાનો લાભ મેળવવા બાળક અને તેના વાલીના નામથી ખાતુ ખોલાવવાનું રહેશે.

(૩) ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ડીબીટી) થી નાણાં ટ્રાન્સફર કરવાના રહેશે અને દર ત્રણ માસે ગ્રાન્ટ ઉપલબ્ધીને આધીન ફરજિયાત ચૂકવણું કરવાનું રહેશે.

(૪) જિલ્લાની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી પાસેથી આ સહાય મેળવવા માટેની મંજૂરી લેવાની રહેશે અને સહાય મંજૂર થયેથી ત્રણ વર્ષ પૂર્ણ થતાં તથા ત્યાર પછી દર ત્રણ વર્ષે કમિટી બાળકની સહાય ચાલુ રાખવા માટેનો રીવ્યુ કરશે અને ત્યારબાદ આ સહાય રીન્યુ કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત યોજના માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ અને આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

સ્પોન્સરશિપ યોજના અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩-એસ.એસ.ડબલ્યુ.-૦૪ અને માંગણી નં.૯૬, મુ.સ.-૨૨૩૫-૦૨-૭૯૬-૧૬-એસ.સી.ડબલ્યુ-૦૪ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.